FILE NO.FRC/PRO./2023-24/RJT/RJT/242 DT. 01/09/2023


ફી નિયમન સમિતિ,રાજકોટ ઝોન,રાજકોટ,પ્રિન્સિપાલ બંગલો,એ.વી.પી.ટી.આઇ.- સ્ટાફ ક્વાટર્સ કેમ્પસ,
હેમુગઢવી હોલ પાછળ,ટાગોર રોડ,રાજકોટ-360 001
ઇ-મેઈલ-frcrajkotzone@gmail.com


ધ વેસ્ટવૂડ સ્કૂલ
જામનગર મોરબી બાયપાસ, ADB હોટલ પાસે,
રોણકી, રાજકોટ.
તા.- રાજકોટ
જી.- રાજકોટ – 360028
EMAIL-info@thewestwoodschool.co.in

FEE REGULATORY COMMITTEE GOVT. OF GUJARAT RAJKOT ZONE सत्यमेव जयते

24091108002

## ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો 2017 અન્વયે ફી નક્કી કરતો હુકમ

વંચાણે લીધું:-

(1) નમુના ૨ માં વેસ્ટવૂડ એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત ધ વેસ્ટવૂડ સ્કૂલ અંગ્રેજી (CBSE) માધ્યમના એ દરખાસ્ત સાથે નીચે પ્રમાણે રજુ કરેલ વિગતો:

1. શાળાને લગતી સામાન્ય માહિતી
2. વિદ્યાર્થી-શિક્ષકો-વર્ગોની સંખ્યા
3. ઇન્ફ્રાસ્ટ્રક્ચર
4. નાણાકીય માહિતી
5. શાળામાં ચાલતી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ ની માહિતી
6. શાળા મંજૂરી હુકમ પ્રિ-પ્રાયમરી તથા ધો. 1-10 નાં વર્ગ મંજૂરીના હુકમો
7. વર્ષ 2021-22નાં ટ્રસ્ટ તથા શાળા ના ઓડિટ રિપોર્ટ, વર્ષ 2022-23નાં હિસાબ
8. ટ્રસ્ટનો નોંધણી નો દાખલો તથા ટ્રસ્ટડીડ
9. ફી નિયમન સમિતિનો વર્ષ 2020-21, 2021- 22 તથા 2022-23 નો ફી નિર્ધારણ હુકમ

(2) સુનાવણી સમયે નીચે મુજબ રજૂ કરેલ દસ્તાવેજો:

1. વર્ષ 2022-23 ના સી.એ.સર્ટીફાઇડ હિસાબો.

## હુકમ

1. વેસ્ટવૂડ એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત ધ વેસ્ટવૂડ સ્કૂલ અંગ્રેજી (CBSE) માધ્યમના પ્રિ-પ્રાયમરી તથા ધો. 1-10 ના વર્ગોની વર્ષ 2023-24, 2024-25, 2025-26ની ફી નિર્ધારિત કરવા માટે શાળા એ ગુજરાત સ્વનિર્ભળ શાળા (ફી નિયમન) નિયમો 2017 ના નિયમ 6 હેઠળ અલગ અલગ દરખાસ્ત રજૂ કરેલ છે.

2. સંબંધિત પરિબળો અને અધિનિયમ તથા નિયમોની જોગવાઈ ના સંદર્ભમાં શાળા સંચાલક શ્રીએ રજૂ કરેલ પુરાવા અને દસ્તાવેજોના આધારે ફી નિર્ધારણની દરખાસ્ત ચકાસવામાં આવી છે અને તેની પર વિચારણા કરવામાં આવી છે.

FILE NO.FRC/PRO./2023-24/RJT/RJT/242 DT. 01/09/2023

3. શાળાના સંચાલક / પ્રતિનિધીશ્રીને રૂબરૂ સુનાવણી ની તક આપેલ છે.

4. વર્ષ 2022-23 ના હિસાબો રજૂ કરેલ છે. તેને ધ્યાને લઈ સદર દરખાસ્ત નો નિર્ણય લેવામાં આવેલ છે.

5. શાળામાં પ્રિ-પ્રાયમરી, પ્રાયમરી તથા સેકન્ડરીનાં વિભાગો ચાલે છે. જેમાં પ્રિ-પ્રાયમરીના અલગ હિસાબ નિભાવેલ છે, જ્યારે ધોરણ 1 થી 10 ના સંયુક્ત હિસાબો નિભાવવામાં આવેલ છે. જે વર્ષ 2022-23 ના સી.એ. સર્ટિફાઇડ હિસાબો રજૂ કરેલ છે. તે વંચાણ લેતા સ્ટાફની સંખ્યાના પ્રમાણમાં તમામ વિભાગમાં પગાર ખર્ચ વ્યાજબી જણાય છે. આ ઉપરાંત શાળા ભાડાના બિલ્ડિંગમાં કાર્યરત છે. જેનો ભાડા કરાર રજૂ કરવામાં આવેલ છે. તે ભાડા કરાર તેમજ બિલ્ડીંગ ને લગતા તમામ દસ્તાવેજો સમિતિના સભ્ય સિવિલ એન્જિનિયર શ્રી એ વંચાણે લીધેલ છે. સિવિલ એન્જિનિયરશ્રીનાં અભિપ્રાય મુજબ રજુ કરેલ વેલ્યુએશન પ્લાનમાં લેન્ડસ્કેપિંગ દર્શાવેલ છે પરંતુ બિલ્ડીંગ પ્લાનમાં એવું જણાતું નથી માટે ભાડા ખર્ચ 5% કપાત કરવો જોઈએ. પ્રિ-પ્રાયમરી સ્કૂલ તથા પ્રાયમરી, સેકન્ડરી સ્કૂલમાં ભાડા ખર્ચ અનુક્રમે 9.00 લાખ તથા 72.00 લાખ દર્શાવેલ છે. ભાડા કરારમાં વાર્ષિક રૂપિયા 72.00 લાખ ભાડુ ઠરાવેલ છે, જે રજૂ કરવામાં આવેલ છે. જેથી તેના 5 % કાપી રૂપિયા 68.40 લાખ વાર્ષિક ભાડું માન્ય કરવામાં આવે છે. આ બિલ્ડિંગમાં પ્રિ-પ્રાયમરી તથા પ્રાયમરી -માધ્યમિક વિભાગ બેસે છે. પ્રિ પ્રાયમરી વિભાગમાં અલગ હિસાબો રજૂ કરેલ છે જેમાં રૂપિયા 9 લાખ ભાડા ખર્ચ દર્શાવેલ છે જ્યારે ધોરણ 1 થી 10માં 72 લાખ ભાડું દર્શાવેલ છે. જેથી આ બંને વિભાગમાં પ્રમાણસર ભાડું ગણતા પ્રિ-પ્રાયમરી વિભાગમાં 7.60 લાખ અને ધોરણ 1 થી 10 માં 60.80 લાખ ભાડું માન્ય કરવામાં આવે છે.આ ઉપરાંત દર્શાવેલા તમામ ખર્ચ પ્રાયમરી તથા સેકન્ડરી વિભાગમાં મંજુર કરવામાં આવે છે.

પ્રિ-પ્રાયમરી વિભાગમાં જાહેરાત ખર્ચ રૂ. 47000 દર્શાવેલ છે પરંતુ સ્ટાફની ભરતી સંબંધિત જાહેરાત નો ખર્ચ મજરે આપવા પાત્ર છે. જેની સ્પષ્ટ વિગત ના હોય 50% ખર્ચ માન્ય કરવામાં આવે છે. આ ઉપરાંત અન્ય ખર્ચ માન્ય કરવામાં આવે છે.

6. વર્ષ 2022-23 માં વિદ્યાર્થીઓની સંખ્યા, કુલ આવક, કુલ ખર્ચ, તથા 2023-24 થી 2025-26 સૂચિત ફી નીચે પ્રમાણે છે.

| ધોરણ. | માધ્યમ | વિદ્યાર્થીઓની સંખ્યા | કુલ ખર્ચ | કુલ આવક | કુલ માન્ય ખર્ચ | સૂચિત ફી 2023-24 | સૂચિત ફી 2024-25 | સૂચિત ફી 2025-26 |
|---|---|---|---|---|---|---|---|---|
| PRE. PRI. | ENG | 197 | 92.66 | 81.74 | 91.02 | 68437 | 73228 | 78354 |
| 1-2 | ENG | 727 | 604.23 | 569.09 | 587.39 | 80750 | 86402 | 92450 |
| 3-5 | ENG | | | | | 88437 | 94628 | 101252 |
| 6-8 | ENG | | | | | 97187 | 103990 | 111269 |
| 9-10 | ENG | | | | | 109687 | 117365 | 125581 |

FEE REGULATORY COMMITTEE GOVT. OF GUJARAT RAJKOT ZONE

7. વર્ષ 2022-23ની મંજુર ફી નીચે પ્રમાણે છે.

| STD. | MED. | PREVIOUS APPROVED BY FRC 2022-23 |
|---|---|---|
| PRE. PRI. | ENG | 54750 |
| 1-2 | ENG | 64600 |
| 3-5 | ENG | 70750 |
| 6-8 | ENG | 77750 |
| 9-10 | ENG | 87750 |

8. માન્ય ખર્ચ આધારિત વિદ્યાર્થિની સંખ્યા પ્રમાણે વિદ્યાર્થીદીઠ ખર્ચ, એક વર્ષનો વાર્ષિક વધારો, સરપ્લસ વગેરે ધ્યાને લેતા પ્રિ-પ્રાયમરી વિભાગમાં રૂ. 50500 ફી મંજૂર થવાપાત્ર છે. પરંતુ શાળાની પ્રવૃતિ તથા શિક્ષણની ગુણવતા, સુવિધાઓ ધ્યાને લેતા વર્ષ 2022-23ની ફીમાં ઘટાડો કરવામાં આવતો નથી.

સ્વનિર્ભર ખાનગી શાળા (ફી નિયમન) નિયમો 2017 ના નિયમ ૭ ના પેટા નિયમો ૩ અને ૪ સાથે વાંચતા સદરહુ અધિનિયમની કલમ 10 અન્વયે મળેલી સત્તાની રુએ અને આ હુકમમાં નિર્દેશ કરેલી શરતોને આધીન રહીને ફી નીયમન સમિતિ આથી નીચેના કોષ્ટકમાં નિર્દેશ કર્યા મુજબ સ્વનિર્ભર શાળા દ્વારા જુદા જુદા ધોરણમાં વિદ્યાર્થી દીઠ વસૂલવાની કુલ ફી નક્કી કરે છે.

<u>પ્રાથમિક તથા માધ્યમિક માટેની ફી</u>

| STD. | MED. | APPROVED BY FRC 2023-24 | APPROVED BY FRC 2024-25 | APPROVED BY FRC 2025-26 |
|---|---|---|---|---|
| PRE. PRI. | ENG | 54750 | 58600 | 62700 |
| 1-2 | ENG | 73575 | 78750 | 84270 |
| 3-5 | ENG | 81100 | 86800 | 92900 |
| 6-8 | ENG | 89600 | 95900 | 102620 |
| 9-10 | ENG | 101800 | 108950 | 116600 |

9. ઉપરોક્ત નક્કી કરેલી ફી ગુજરાત સ્વ-નિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમન, સને 2017 ની કલમ-2 (જી) અન્વયે નક્કી કરેલી ફી છે.

10. શાળાએ હુકમમાં દર્શાવ્યા મુજબ નિયત કરેલ ફી શાળા લીધી છે તે સબબનુ એફિડેવિટ દિન -30 માં કચેરી મારફતે અત્રે રજુ કરવાનું રહેશે, તેમજ વધુ વસુલેલ ફી જે વિદ્યાર્થીઓનો અભ્યાસ આગળના વર્ષે ચાલુ રહેલ હોય તેની ત્યાર પછીની મળવાપાત્ર ફી ની સામે મજરે આપેલ છે અને જે વિદ્યાર્થી શાળા છોડી ગયેલ છે તે વિદ્યાર્થી/વાલીને બેન્કિંગ ચેનલથી વધુ વસૂલેલી ફી રિફંડ કરેલ છે તે સબબનુ સોગંદનામું આ હુકમ મળે તેનાં દિન – 30 માં રજુ કરવાનું રહેશે.

FEE REGULATORY COMMITTEE GOVT. OF GUJARAT RAJKOT ZONE

ઉપર મુજબની ફી મજરે આપવાના કિસ્સામાં ક્યા વર્ષ ની વસુલવા પાત્ર ફીની સામે કેટલી રકમ મજરે આપી તે અને શાળા છોડી ગયાનાં કિસ્સામાં રિફંડપાત્ર રકમ, ચેક/ આર.ટી.જી.એસ./ ડી. ડી. નંબર, રકમ બેંકમાંથી ઉપડ્યાની તારીખ આ તમામ વિગતો દરેક વિદ્યાર્થી ના નામ જોગ સી.એ.સર્ટિફાઇડ સ્ટેટમેન્ટ ના સ્વરૂપે રજૂ કરવાની રહેશે અને આ સંપૂર્ણ રકમ ત્યાર પછીના વર્ષના હિસાબોમાં "વસૂલેલી ફી રિફંડ ખાતુ" એવા હેડમાં અલગથી દર્શાવવાનું રહેશે.

આગામી વર્ષમાં આ કચેરીમાં રજૂ કરતી વખતે ઉપર મુજબનું સોગંદનામું અને સી.એ. નું સર્ટીફીકેટ અચૂક રજૂ કરવાનું રહેશે

11. અત્રેની સમિતિ દ્વારા નિર્ધારિત કરેલ સદર ફી ની વિગતો શાળા દ્વારા ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ એમ બંને ભાષામાં નોટિસ બોર્ડ તથા શાળાના વેબસાઇટ પર પ્રદર્શિત કરવાની રહેશે.

12. શાળા એક સાથે માત્ર એક સત્રની ફી લઇ શકશે તેનાથી વધુ ફી લેવામાં આવશે તો સ્વનિર્ભર શાળાએ ફી નિયમન અધિનિયમ-2017 ની જોગવાઈ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

13. નિયત કરેલ ફી સંબંધે સ્પષ્ટતા કરવાની કે આ ફી નામદાર સુપ્રીમ કોર્ટના હુકમને આધિન રહેશે.

14. આ હુકમ થી જો તમે નારાજ હોય તો હુકમ મ ળ્યાંના દિવસ 21 માં ફી રિવિઝન કમિટી, બ્લોક-1, વિંગ બી-1, છઠો માળ, કર્મયોગી ભવન, સેક્ટર–10 ગાંધીનગર ખાતે ફોર્મ નં.5 માં જરૂરી આધારો સાથે રૂ.10000 પ્રોસેસ ફી ભર્યાનું અસલ ચલણ જોડી રિવિઝન કરી શકાશે.

SD/-

અધ્યક્ષ

ફી નિયમન સમિતિ, રાજકોટ ઝોન, રાજકોટ

(નિવૃત જિલ્લા ન્યાયધીશ)

FEE REGULATORY COMMITTEE GOVT. OF GUJARAT RAJKOT ZONE

(વી.જે. બાબરિયા )

ફરજ પરના અધિકારી

ફી નિયમન સમિતિ, રાજકોટ ઝોન, રાજકોટ.